## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*તંગ કરે સીમાને, ચોર દંડે છે કોટવાળને -*
*ભંગ કરે શાંતિનો, ચોર દંડે કોટવાળને -*
*જંગ છાનો-છપનો, ચોર દંડે છે કોટવાળને -*
*દંગ કરે વિશ્વને, ચોર દંડે છે કોટવાળને -*
*(પાકિસ્તાનની પીપૂડી)*

હાઈકુ

*લ્યો! અચાનક -*
*ઢોળાઈ ગયું 'અમૃત'-*
*વૃદ્ધ-જનોનું*
*(શ્રી અમૃતભાઈ મોઢને.. અંજલિ)*

*રહેતી નથી,*
*ચૂંટણી પ્રચારમાં -*
*પદ-ગરિમા..*
*(માન.શ્રી વડાપ્રધાન)*

### ચિંતન

**ય : સ્વભાવો હિ ય સ્યાતે સ નિત્યં દુરતિક્રમઃ ।**
**સ્વાન યદિ ક્રિયતે રાજા તત્કિં નાશ્નાત્યુપાનહમ્ ॥**

જે માણસોનો જેવો સ્વભાવ હોય તેને બદલવો-દૂર કરવો ખૂબ જ મુશ્કેલ છે, જેમ કે કૂતરાને રાજા બનાવવામાં આવે તો પણ શું તે ખાસડાં-જોડાં ચાવવાનું છોડી દેશે?

'પ્રાણ અને પ્રકૃતિ' સાથે જ જાય છે. સત્સંગના પ્રભાવથી થોડો ઘણો ફેરફાર થાય પણ સમય સાનુકૂળ થાય ત્યારે મૂળ સ્વભાવ પોતાનું પોત પ્રકાશે જ છે.

અહીં કૂતરાંનું દૃષ્ટાંત આપી આ વાત સમજાવવા પ્રયત્ન કર્યો છે. ઈર્ષા-આડંબર અસત્ય સંભારણ - આ બધાં વિના કારણ જ માત્ર 'સ્વભાવ' ના પરિણામ છે.

સ્ત્રી સ્વભાવના કાયમી આઠ લક્ષણ તુલસીદાસજીએ રામચરિતમાં કહ્યાં છે એ દરેક સ્ત્રીમાં જન્મજાત - સ્વભાવ પ્રમાણે હોય છે. તે બદલી શકાય નહીં.

### સુવિચાર

- અભાવનાં દુઃખ તો સાધનથી દૂર થઈ શકશે,
  સ્વભાવના દુઃખ માત્ર સાધનાથી જ દૂર થઈ શકશે - **ધર્મલોક**
- જીવનમાં જે જરુર છે તે દોડવાની નહીં,
  પણ દોડમાંથી બહાર નીકળી જવાની - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રજા બોલ્યા વિના કહે છે, કાન વિના સાંભળે છે - **લાઓત્સે**
- મંઝીલ હોય જેનું ધ્યેય એ રસ્તા નહીં જુએ...
  ઉદ્યમી હોય એ હસ્તરેખા નહીં જુએ... - **સાંઈરામ દવે**
- સ્વાશ્રય અને સંયમ એ બંને ચારિત્ર્યના ફેફસા છે - **અમૃત બિંદુ**
- આપણામાં ઈશ્વરની હાજરીનું પ્રથમ ચિહ્ન શાંતિ છે - **ઝેન કથન**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આજે ન્યાય કોર્ટ પર લોકોને શ્રદ્ધા-વિશ્વાસ રહ્યાં નથી. ૨૦-૨૫ વર્ષ સુધી કેસ ચાલે. ૨૦-૨૫ ન્યાયાધીશ બદલે-અને તારીખો-ધક્કા છતાં ઠેરના ઠેર... આમાં 'ન્યાય'ની આશા કયાં રાખવી ? (સ્વાનુભવ).

યુનાનના રાજા ફિલિપ ન્યાય પ્રિય હતો. જાતે જ દરબારમાં દરબારીઓ સાથે બેસી બંને પક્ષની ફરિયાદ રજૂઆત સાંભળતો અને તે જ વખતે 'ન્યાય' આપી દેતો જે બંને પક્ષને સ્વીકાર્ય રહેતો.

એકવારા રાજા થાકેલો હતો. ઉજાગરો હતો. છતાં દરબારમાં આવ્યો. એક પક્ષની રજૂઆત સાંભળતો હતો ત્યાં ઝોકે ચઢી ગયો. એની વાત પુરી થઈ ત્યારે જાગ્યો. પછી બીજા પક્ષો પોતાની વાત રજૂ કરી. ત્યારે ફિલિપે તે સજાગ રહી સાંભળી... એની દલીલો અને બચાવ પક્ષ યોગ્ય જણાતાં તેને 'ગુન્હામાંથી મુક્તિ' ના ન્યાય આપ્યો...

પરંતુ પહેલો પક્ષ હિંમતથી બોલ્યો - મહારાજ, હું જયારે રજૂઆત કરતો હતો ત્યારે આપ ઉંઘતા હતા. માટે મારી રજૂઆત ફરી સાંભળો પછી જે 'ન્યાય' કરશો તે હું સ્વીકારીશ. ફિલિપે કબૂલ કર્યું. બીજીવાર રજૂઆત સાંભળી અને એ વધારે સાચો લાગ્યો. 'ન્યાય' એની તરફેણમાં આપતાં. રાજા ફિલિપે તેનો અને તેની હિંમતનો આભાર માન્યો અને કહ્યું આજે તેં મારી, રાજપદની અને 'ન્યાય'ની ગરિમાને બચાવી લીધી તે માટે હું ખુશ છું.

## પાટીદારા અનામત આંદોલન નાથવામાં સરકારની મુંઝવણ

### તંત્રીસ્થાનેથી....

પાટીદાર અનામતના મુદ્દે ગુજરાતની સરકાર જ નહીં, તમામ રાજકીય પક્ષો અને પ્રજા પણ ખરેખર મૂંઝાઈ ગઈ છે. આનંદીબેન પટેલે સર્વગ્રાહી સવર્ણ પૅકેજ જાહેર કર્યા છતાં પાટીદારોએ પારોઠનાં પગલાં ભર્યાં નથી. એકલો હાર્દિક આખા પાટીદાર સમાજનો અવાજ બની ગયો છે, એથી પૅકેજથી સંતુષ્ટ થઈ શકનારા પાટીદારોને પણ મને-કમને હાર્દિકની માગણી સાથે સૂર પુરાવવો પડે છે. એવા કેટલાય પાટીદાર આગેવાનો છે જેમને હાર્દિક દીઠો ગમતો નથી, એમનું ચાલે તો એ હાર્દિકને તડીપાર કરાવીને જંપે, પરંતુ પાટીદાર સમાજના બહુમતી વર્ગને હાર્દિક જ એમનો મસીહા લાગે છે. હાર્દિક તદ્દન નાદાન હરકતો કરતો રહે ચે. એ ઘડી પહેલાં જે નિવેદન કરે છે એનો જાતે જ છેદ ઉડાડતો રહે છે. છેક ૨૫ ઑગસ્ટની સાંજે બનેલા ઘટનાક્રમથી લઈ છેલ્લે પાટીદાર મહિલાઓને ધોકા ઉપાડવા કરેલી હાકલ સુધી એના સ્વભાવની આ લાક્ષણિકતા તરી આવે છે. એમે હંમેશા નિયમો અને કાનૂનની ઐસીતૈસી જ કરે રાખી છે છતાં સરકારે એની ધરપકડ કરવાની પણ હિંમત નથી દર્શાવી એથી સરકાર એનાથી કેટલી ડરી ગઈ છે તે સ્પષ્ટ વરતાઈ રહ્યું છે. હાર્દિકને હીરો બનાવવામાં સરકારનો સિંહફાળો છે, એવું તારણ કાઢવામાં ભાગ્યે જ અતિશયોક્તિ લેખાશે. સરકારને એક બાવીસ વરસના દિશાશૂન્ય વિચારસરણીવાળા યુવાને રીતસર ધોળે દિવસે તારા બતાવી દીધા છે. સરકાર અને પોલીસ બેઉ એની સામે પાંગળાં ઠર્યાં છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં 'હાર્દિક ઈફેક્ટ' ના પડઘા પડ્યા વગર નહીં રહે એવા ગુપ્તચરોના અહેવાલને કારણે જ આ ચૂંટણીઓ સરકારે પાછી ઠેલી હોવી જોઈએ. વળી હાર્દિકના સરકાર સામે શિંગડાં ભરાવવાના સાહસને આડકતરી રીતે કોંગ્રેસનું પણ સમર્થન સાંપડ્યું છે. એથી સ્તો ગુજરાત કોંગ્રેસના પ્રભારી ગુરુદાસ કામતે પક્ષના પ્રદેશ પ્રમુખની હાજરીમાં જ પાટીદારો સહિત સવર્ણ ગરીબો માટે પંદર ટકા ખાસ અનામતની ભલામણ કરી છે, એ માટે જરુર પડે તો સરકારે સંસદમાં વિધેયક લાવવું જોઈએ, એવી સલાહ આપીને કોંગ્રેસે સવર્ણ ગરીબોનું સમર્થન અંકે કરવાનો જ દાવ ખેલ્યો છે. હાર્દિક જયારે પાટીદાર સમુદાયને ઓબીસીમાં સમાવવાની માગણીને વળગી રહ્યો હતો ત્યારે કોંગ્રેસે નાછૂટકે એની વૉટબેંક ગણાતી ઓબીસી જાતિઓને જ કોઈ નુકશાન ન થવું જોઈએ એવો સ્પષ્ટ અભિગમ દર્શાવવાની ફરજ પડી હતી. અલ્પેશ ઠાકોર નામના યુવાન દ્વારા ઓબીસીના કવૉટામાં પાટીદારોના પ્રવેશનો સખત વિરોધ થઈ રહ્યો છે તેની પાછળ કોંગ્રેસનો જ હાથ છે, એ કોણ નથી સમજતું? પરંતુ સવર્ણ ગરીબોની સહાનુભૂતિ અંકે કરવા કોંગ્રેસે એમને પંદર ટકા એકસ્ટ્રા અનામત આપવાની ભલામણ કરીને બેઉ હાથમાં લાડુ રાખવાનો ખેલ રચ્યો છે. બધા જાણે છે કે અદાલતના આંગણે આ પ્રકારના ખેલ ટકી શકતા નથી અને છતાં એ પણ સાચું છે કે કર્ણાટક, આંધ્ર અને રાજસ્થાન સરકાર સુપ્રીમના આદેશોની ઐસીતેસી કરીને એની પ્રજાને અનામતની લહાણી કરતી રહી છે. હવે હાર્દિક પટેલનું પાટીદાર આંદોલન જયારે છેક મહિલા કક્ષાએ 'પરકોલેટ' થઈ ચૂક્યું છે ત્યારે એની સામે પગલાં ભરતાં સરકાર સો વાર વિચાર કરશે. એટલું જ નહીં, હવે તો હાર્દિક નીતીશકુમાર અને કેજરીવાલ જેવા નેતાઓ સાથે ઊઠતો બેસતો થઈ ગયો હોઈ વાઘ બની ગયો છે. વાઘને પાંજરે પૂરવો અઘરો છે.

## આપણે તંદુરસ્ત અને Sharp minded generationનું નિર્માણ કરવું હશે તો શેરીમાં રમાતી રમતોમાં બાળકોને રસ લેતા કરવા પડશે, આ માટે પ્રથમ આપણા મોબાઈલમાંથી કેન્ડી ક્રશ અને સબ-વે સર્ફરને અત્યારે જ ડીલીટ કરવી પડશે



**ગલીઓ,**
**મેદાનો,**
**સાવ ખાલીખમ છે...**
**રમતના સાધનો**
**આ**
**મોબાઈલમાં સમાઈ ગયા છે.**
**અનુવાદ : પારસ એસ. હેમાણી (રાજકોટ)**

**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

આજના આ હાઈ-ટેક સ્માર્ટ ફોનના યુગમાં ગલીઓમાં રમાતી રમતો જાણે છીનવાઈ ગઈ છે. બાળકોથી માંડીને નવયુવાનો અને વયોવૃદ્ધ લોકોને પણ મોબાઈલનું ઘેલું લાગ્યું છે. જો કે, ટૅકનોલોજીને નવી-નવી જાણતા અને શીખતા વૃદ્ધો હજી પણ પોતાના મિત્રમંડળ સાથે સાંજ પડ્યે બગીચામાં ફરવા જતા જોવા મળે છે. પણ બાળકો અને યુવાનોમાં મોબાઈલ અને મોબાઈલમાં રમાતી **games**નું ગજબનું ઘેલું લાગ્યું છે. એક વ્યસનની જેમ તેઓ મોબાઈલમાં રમવામાં આવતી ગેમ્સના સારા સ્કોર માટે સતત તેમાં જ રચ્યા-પચ્યા હોય તેવું લાગે છે. જો કે આમાં મા-બાપનો દોષ વધુ ગણી શકાય. કારણ કે મા-બાપને એ વાતની ખબર નથી કે પોતે પોતાના બાળકને કેળવણી આપી શકે તે માટે પ્રથમ તેમણે પોતાની જાતને જ કેળવવી જરુરી છે તેમજ, પોતાને વિષે સભાન બનવાની જરુર છે. પોતાની જાત પર નિયંત્રણ રાખી મા-બાપે જ બાળકો પાસે એક દૃષ્ટાંતરુપ બનવાનું હોય છે. સાચી અને અસરકારક કેળવણી દૃષ્ટાંત મારફતે જ આપી શકાય છે. બાળકને માત્ર સારા સારા શબ્દો કહેવા અને ગેમ્સ રમવા માટે ધાકધમકી આપતા મા-બાપ પોતે જ મોબાઈલમાં ગેમ્સ રમવામાં મશગૂલ હોય તો બાળકને ગેમ ન રમવાની શિખામણ શી રીતે આપી શકે ? અને આપે તો પણ બાળક તેનો કેટલો અમલ કરશે તે બાબત વિચારવા યોગ્ય ગણાય.

ન્યુક્લીઅર ફેમેલીસ્ના આ યુગમાં નાનપણથી જ મા-બાપ પોતપોતાના કામમાં વ્યસ્ત હોવાના કારણે બાળકને વ્યસ્ત રાખવા ખૂબ જ નાની ઉંમરથી બાળકને મોબાઈલ ગેમ્સના એડિક્ટેડ બનાવી દે છે અને ત્યારબાદ ભણવાનું શરૂ થતાં બાળક ભણવાને બદલે મોબાઈલ ગેમ્સમાં વ્યસ્ત રહે છે. તે પ્રકારની ફરિયાદો કરતા મા-બાપને આપણે જોયા છે. બાળક બેઠાં-બેઠાં ગેમ્સ રમ્યા કરે તેના કારણે નાની ઉંમરમાં જ ઓબેસીટીનો શિકાર બને છે અને આગળ જતાં તેના ગંભીર પરિણામો બાળક તેમજ મા-બાપ તમામને ભોગવવું પડે છે. ખરી વાત તો એ છે કે આપણે બાળક આપણા વિચાર પ્રમાણે વિકસે એવું ઈચ્છતા હોઈએ છીએ, જયારે બાળક પોતાની આગવી રીતે વિકસવા ઈચ્છે છે, એને પોતાના રસ છે, પોતાના ખ્યાલ છે, પોતાની ઝંખનાઓ છે અને એ બધું અવરોધાય ત્યારે બાળક હતાશ બને, જિદ્દી ને ચીડિયું બને છે. બાળક માત્ર બે શબ્દો કહે છે : 'મને સમજો.' એટલે બાળકને બરાબર ઓળખી, તેની સ્વતંત્રતાની પૂરી કાળજી રાખી, તેના રસ-રૂચિને જાણી, એ તમામને આરોગ્યપ્રદ એટલે કે તંદુરસ્ત પ્રવાહોમાં વાળવા એ જ આપણો ધર્મ છે. ગાંધીજીના શબ્દોમાં કહીએ તો, ''આપણાં બાળકો કેળવણી લે તો ચીમળાઈ જાય છે. તેઓ પુરુષાર્થહીન બને છે અને તેઓને મળેલા જ્ઞાનનો ફેલાવો જન સમાજમાં નથી થતો, તેઓના કુટુંબમાં પણ નથી થતો, વિદ્યાર્થીઓ તો પરિસ્થિતિનું આભલુ છે. તેમનામાં દંભ નથી, દ્વેષ નથી, તેની અંદર પુરુષાર્થ નથી, સત્ય નથી, અપરિગ્રહ નથી, તો એ દોષ તેમનો નથી; દોષ મા-બાપનો છે, અધ્યાપકોનો છે.''

તો જો આપણે તંદુરસ્ત અને **Sharp minded generation**નું નિર્માણ કરવું હશે તો શેરીમાં રમાતી રમતોમાં બાળકોને રસ લેતા કરવા પડશે અને આ માટે પ્રથમ આપણે આપણા મોબાઈલમાંથી કેન્ડી ક્રશ અને સબ-વે સર્ફરને અત્યારે જ ડીલીટ કરવી પડશે.

**- nehalgadhavi101@gmail.com**

## અનામત પ્રથાની સમયમર્યાદાનું નિર્ધારિણ

**અતિતની આજ**

ડો. હરિ દેસાઈ

ભારતની આઝાદીને દાયકાઓ વીત્યા છતાં અનામત પ્રથા એવી તે જામી પડી છે કે એને દૂર કરવાની તો શું, સમીક્ષા કરવાની વાત થાય કે રાષ્ટ્રીયસ્તરે ઉહાપોહ મચી જાય છે. હમણાં રાષ્ટ્રીયસ્તરે અને અનેક રાજ્યોમાં શાસન કરતી ભારતીય જનતા પાર્ટીના આરાધ્ય એવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ)ના સુપ્રીમો ડૉ.મોહનજી ભાગવતે સંઘનાં સાપ્તાહિક 'પાંચજન્ય' અને 'ઑર્ગનાઈઝર'ને પંડિત દીનદયાળ ઉપાધ્યાયના 'એકાત્મ માનવવાદ'ના વિચારવિષયક મુલાકાતમાં અનામત વિશે ટિપ્પણી કરી અને જનવિસ્ફોટ થઈ ગયો. મોદી સરકાર સહિતની ભાજપાના વડપણવાળી સરકારો જાણે કે અનામત પ્રથાને સમાપ્ત કરી દેવા મેદાને પડી હોય તેમ બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને ભારત સરકારમાં પણ પ્રધાન રહેલા લાલુપ્રસાદ યાદવે પડકાર ફેંક્યોઃ ''જેની માએ સવા શેર સૂંઠ ખાધી હોય એ અનામત પ્રથાને સમાપ્ત કરવાની હિંમત કરી જુએ!'' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ.મોહનજી ભાગવતે એક સમિતિ બનાવીને કેટલા સમય માટે, કેટલા લોકોને અનામતની જરૂર પડશે એ નક્કી કરવાની વાત છેડી હતી. વાતનું વતેસર થઈ ગયું. બિહારમાં વિધાનસભાની ચૂંટણી ટાણે જ ભાગવત-વાણી પ્રગટ્યાનાં કટુફળ ભાજપના નેતૃત્વવાળા મોરચાએ ભોગવવાં ના પડે એટલે ભાજપની નેતાગીરીએ પણ પિતાતુલ્ય સંઘસુપ્રીમોની વાતને નકારી કાઢવી પડી.

હકીકતમાં ડૉ.ભાગવતની વાતમાં કોઈ નવી ઘોષણા તો હતી નહીં. મુશ્કેલી એ છે કે રાજનેતા અને મીડિયા આવી વાતનો વિવાદ ચગાવે છે ત્યારે અગાઉના દસ્તાવેજોનો અભ્યાસ કરવાનું ભાગ્યે જ પસંદ કરે છે. સંઘ માટે અનામતની વાત આવે ત્યારે એનું નિમિત્ત મહદ્અંશે ગુજરાતનાં અનામત વિરોધી આંદોલન જ રહ્યાં છે. આ વેળા થોડો ફરક એ પડ્યો છે કે અગાઉ અનામત વિરોધી ભૂમિકા લેનારા ગુજરાતના પટેલો પોતાને અન્ય પછાત વર્ગો(ઓબીસી)માં સામેલ કરાવવા માટે જંગે ચડ્યા ત્યારે એમની ભૂમિકા એ હતી કે ''કાં અનામત પ્રથા દૂર કરો અથવા અમનેય ઓબીસીમાં સમાવીને અનામતના લાભ અપાવો.'' આંદોલન દરમિયાન આર્થિક રીતે પછાત વર્ગને પણ અનામતના લાભ અપાવવાની વાત ખૂબ ગાજી. ગુજરાતમાં માસ-હિસ્ટિરિયાનો માહોલ હોય ત્યારે તર્ક કે તથ્યોને કાન દેવાનું ભાગ્યે જ કોઈને ફાવે છે. ગુજરાતી પ્રજા ભાવાવેશમાં ખૂબ આવી જાય છે, એ પછી હિંદુત્વનો મુદ્દો હોય કે અનામતનો. અનામતની માગણી સાથે પટેલો પછાત બનવા નીકળ્યા ત્યારે સરદાર પટેલે કહેલા શબ્દો પણ કાને ધરવા ભાગ્યે જ કોઈ તૈયાર હતું. ગુજરાત સરકારે મોડે મોડે પણ અસંતોષની આગને ઠારવા માટે એક હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર તો કર્યું, પણ પટેલ આંદોલનકારીઓને એમાં લોલીપોપ પકડાવ્યાથી વિશેષ કાંઈ લાગ્યું નહીં. આવતા દિવસોમાં શાંત ગુજરાતની શાંતિને ડહોળવાના કાંકરીચાળા થવાની શક્યતા નકારી શકાય નહીં, પરંતુ સરકારે એટલી તો કાળજી લેવી ઘટે કે વર્ગવિગ્રહની આગ ભડકે નહીં.

**ગાંધીજી, નેહરુ, સરદાર પટેલ અને ડૉ.આંબેડકર પણ અનામતપ્રથાના અનંત સુધી અમલના વિરોધી હતા**

આરએસએસના સત્તાવાર દસ્તાવેજો અને પ્રકાશનોનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થઈ ગયું છે કે સંઘની નીતિ અનામતપ્રથા કાયમી ધોરણે અમલમાં રાખવાની નથી. અનામતની કાખઘોડીને શક્ય એટલી જલદી ફગાવી દેવાની આરએસએસની નીતિ હોવા છતાં એણે નાછૂટકે અનામત પ્રથા ચાલુ રાખવા સંમતિ આપવી પડે છે. ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામત વિરોધી આંદોલનો થયાં ત્યારે તેમાં પટેલોની અનામત વિરોધી ભૂમિકા ખૂબ જ સક્રિય અને આક્રમક હતી. એ વેળા સંઘની સુપ્રીમ બૉડી કે સંસદ એટલે કે અખિલ ભારતીય પ્રતિનિધિ સભામાં થયેલા ઠરાવ અને તત્કાલીન સરસંઘચાલક મધુકર દત્તાત્રેય દેવરસ(બાળાસાહેબ)નાં ભાષણ કે મુલાકાતોના શબ્દો અને વર્તમાન સરસંઘચાલકનાં વક્તવ્ય કે મુલાકાતના શબ્દોમાં કોઈ જ ફેરફાર નથી. ૧૯૮૧માં પ્રતિનિધિ સભા નાગપુરમાં મળી હતી. એ વેળા વડાંપ્રધાન ઈંદિરા ગાંધી હતાં. પ્રતિનિધિ સભાના ઠરાવમાં વડાંપ્રધાનના મતનો ટેકો લેવામાં આવ્યો છે અને કહેવાયું છે કે અનામત કાયમી વ્યવસ્થાનો ભાગ ના હોઈ શકે અને જેટલી જલદી આ કાખઘોડીને ફગાવી દેવાય એટલું સારું. સંઘ મૅરિટ અને ઑફિશિયન્સીનો આગ્રહ રાખે છે. વળી આર્થિક ધોરણે અનામત થકી પછાત વર્ગોના વિકાસનો સમર્થક છે. હિંદુ એકતા પર સંઘ ભાર મૂકે એ સ્વાભાવિક છે. સાથે જ અનામત પ્રથાને ચાલુ રાખવાનો આગ્રહ સેવવાની સાથે જ ''તટસ્થ સામાજિક વિચારકોની સમિતિ રચીને અનામતના પ્રતાપે પેદા થતા પ્રશ્નો તેમજ હરિજનો અને આદિવાસીઓના ઉત્થાન માટેના ઉપાયોની ભલામણ'' કરવાનો આગ્રહ સેવે છે.

નાગપુરમાં પ્રતિનિધિ સભાની એ બેઠક પછી દિલ્હી ગયેલા સરસંઘચાલક બાળાસાહેબે 'ગુજરાતમાં હિંદુઓ વચ્ચેની લડાઈથી બેચેની અને પીડા' થતી હોવાનું અનુભવતાં ૧૨ એપ્રિલ ૧૯૮૧ના રોજ પ્રતિપદાઉત્સવના ભાષણમાં કહ્યું હતુંઃ''પ્રતિનિધિ સભામાં એટલું જ કહ્યું હતું કે આપ લોકો ચર્ચા કરતી વખતે આપ સૌ હરિજન છો એવું માનીને ચર્ચા કરશો તો કદાચ યોગ્ય દૃષ્ટિકોણ રજૂ કરી શકશો.'' ત્રીસ વર્ષ સુધી અનામત પ્રથાના અમલ પછી પણ સમસ્યા ઉકેલાય નહીં અને સમાજનું વિઘટન થતું હોય એ વિશે બાળાસાહેબે ચિંતા વ્યક્ત કર્યાનું 'હિન્દૂ સંગઠન ઔર સત્તાવાદી રાજનીતિ'માં નોંધાયું છે. દિલ્હીના ભાષણમાં એમણે કહ્યું હતુંઃ 'અનામત નક્કી જરૂરી છે, પરંતુ એને કેટલા સમય માટે અમલમાં રાખવી એ ચર્ચાનો વિષય થઈ શકે છે. અનામતનાં લાભદાયક પરિણામ મળવાં જોઈએ; એનાથી વિપરીત અનામતના નામે સંઘર્ષ નિર્માણ થઈ રહ્યો છે.'

૧૯૮૫ની બીજી ઑક્ટોબરે દિલ્હીના રામલીલા મેદાન પર હિંદુ સંગમમાં ભાષણ કરતાં સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે અનામતની તરફેણ તો કરી હતી, પરંતુ એના મૂલ્યાંકનથી એના પ્રતાપે કેટલો લાભ થયો એની સમીક્ષાનો આગ્રહ પણ સેવ્યો હતો. અનુસૂચિત જાતિ અને જનજાતિને માટે વધુ ૧૦ વર્ષ અનામત ચાલુ રાખવા ઠરાવ કર્યાનું કહ્યું હતું. 'રાષ્ટ્રધર્મ' માસિકને ઑક્ટોબર ૧૯૮૫માં આપેલી મુલાકાતમાં સરસંઘચાલક બાળાસાહેબે સ્પષ્ટ કહી દીધું હતુંઃ ''અનામત અંગે આદર્શ સ્થિતિ તો એ ગણાય કે કોઈપણ પ્રકારની અનામતની જરૂર જ ના રહે. પરંતુ કેટલીક વિશેષ પરિસ્થિતિમાં અનામત જરૂરી છે.'' ''કેટલીક હદ સુધી અનામત અનિવાર્ય હોવી જોઈએ, અન્યથા એ નિહિત સ્વાર્થનું સ્વરૂપ ધારણ કરી લે છે.... જો કે જાતિનો વિચાર છોડીને આર્થિક પછાતપણાના આધારે અનામતની વ્યવસ્થા કરવી પડશે.'' કૉંગ્રેસની ૧૯૯૧-'૯૫ની નરસિંહરાવ સરકારે આપેલી આર્થિક આધારવાળી ૧૦ ટકા અનામતને સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ઠરાવી રદ કરી છે એ જરા જાણ સારુ.

આરએસએસના નેજા હેઠળ દલિતોને સમાજની મુખ્યધારામાં લાવવા સંદર્ભે ચલાવાતો 'સામાજિક સમરસતા મંચ' વાસ્તવમાં સંઘની શાખામાં આવતા સ્વયંસેવકોમાં 'બધા હિંદુ જ છે' એવી માન્યતાનો

**અનુસંધાન પાના નં. ૭ પર**

## મેન્ટેનન્સ એન્ડ વેલરેટ ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ ૨૦૦૭ ની સમજુતી

**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

સાંપ્રત સમાજમાં વૃધ્ધ માતા પિતાને પોતાની પાસે રાખવા યુવાનો તૈયાર નથી પરંતુ તેમની મિલ્કતો દરેક યુવાનોને જોઈએ છે. સીનીયર સીટીઝનને પોતાની મિલ્કતના રક્ષણ માટે તથા પોતાના ગુજરાન માટે પોતાના દિકરા, દિકરીઓ ઉપર આશ્રિત રહેવું પડે છે તેવા સંજોગોમાં સીનીયર સીટીઝનને લાભ આપવા તથા તેમનું રક્ષણ કરવા માટે ૨૦૦૭ માં મેન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ અમલમાં મુકવામાં આવેલ છે.

માતા પિતાને પુત્ર કે પુત્રી દ્વારા પોતાના ઘરમાંથી કાઢી મુકવામાં આવે તો તેવા કિસ્સામાં માતા પિતા જીલ્લા કલેકટરશ્રી પાસે અરજી કરી પુત્ર કે પુત્રી પાસે પોતાનું ભરણ પોષણ માંગી શકે છે.

વર્તમાન સમયમાં દિકરા, વહુઓ માતા પિતાની મિલ્કત પચાવી પાડી તેમને ઘરમાં રાખવા સંમત નથી આવા વૃધ્ધોને ના છૂટકે ઘરડાઘરનો સહારો લેવો પડે છે. છેલ્લા ૨ વર્ષમાં મેટ્રોસીટીમાં આવા ૧૦૦ કેસો સામે આવ્યા છે.

મેઈન્ટેનન્સ એન્ડ વેલફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એકટ ૨૦૦૭ અમલમાં આવ્યા બાદ આવા કિસ્સાઓમાં વૃધ્ધ મા બાપને કાયદાથી રક્ષીત કરવામાં આવ્યા છે જીલ્લા કલેકટરશ્રી તેમને પોતાની મિલ્કત પરત અપાવી દિકરા વહુઓ પાસે કે દિકરી પાસેથી ભરણ પોષણ અપાવે છે અને દિકરા વહુઓએ પચાવી પાડેલી મિલ્કતો પરત અપાવી શકે છે.

૬૦ ટકા કેસોમાં માતાએ દિકરાએ પોતાની મિલ્કત પચાવી પાડવાની ફરીયાદ કરેલ જેમાંથી ૨૫ કેસોમાં જીલ્લા કલેકટરશ્રીએ માતાને પોતાની સાથે રાખવા મકાનનો કબજો સોંપવા અને ભરણપોષણ ચુકવવાનો હુકમ કરેલ ૧૨ જેટલા કેસોમાં માતાને દિકરા વહુએ ભરણપોષણ ચુકવવાનો હુકમ કરેલ છે તેમજ ૧૪ કેસોમાં પક્ષકારો વચ્ચે જીલ્લા કલેકટરશ્રીએ સુખદ સમાધાન કરાવેલ ૬ કેસોમાં મિલ્કત પચાવી પાડવાની ફરીયાદ નિકાલ માટે પેન્ડીંગ છે.

૨૦૦૭ માં કાયદો પસાર કરી વૃધ્ધાને ઝડપી સહાય આપવાનો ઉદ્દેશ હતો જે સાચા અર્થમાં સિધ્ધ થતો જણાઈ રહ્યો છે કેટલાક કિસ્સાઓમાં વૃધ્ધ માતા પિતા અરજી કરે ત્યારબાદ તેમનું મૃત્યુ થતા ફરીયાદનો અંત આવી ગયો હતો. વૃધ્ધ માતા પિતાને સંતાનો ભરણપોષણ ના કરે તેમજ પોતાની મિલ્કતમાંથી હાંકી કાઢે અથવા પડાવી લે તો આ કાયદા અન્વયે સીનીયર સીટીઝન જીલ્લા કલેકટરશ્રીને અરજી કરીને ન્યાય મેળવી શકે છે. અમદાવાદ જીલ્લામાંથી ૧૦૦ કેસોમાં ઝડપી ન્યાય અપાવવામાં સફળતા મળેલ છે.

### મૃતક સરકારી કર્મચારીઓના વારસદારો માટેની રાજય સરકારની સહાય યોજના

ગુજરાત સરકારની કચેરી તેમજ તેને આધીન સરકારી કચેરીમાં વર્ગ ૩ અને ૪ ના કર્મચારીઓના આશ્રીતોને રહેમરાહે નોકરી આપવામાં સરકારે છેલ્લા ૮ વર્ષથી બંધ કરેલ છે. કર્મચારી મંડળની લાંબી અને ન્યાઈક લડત બાદ સને ૨૦૧૧ માં સરકારે રહેમરાહે નોકરીની જગ્યાએ મૃતકના આશ્રીતોને આર્થિક પેકેજ આપવાની જાહેરાત કરી હતી.

અત્યાર સુધીમાં મૃતકના પરિવારે કે આશ્રીતોએ ત્રણ માસમાં સહાય મેળવવા માટે અરજ કરવાની હતી જેની મુદત વધારીને છ માસ કરવામાં

**અનુસંધાન પાના નં. ૭ પર**

## નાની મોટી તકલીફો તો આવશે અને જશે પણ ભાઈ સાથે ને સાથે જ છે...

**પરીઓનો દેશ**

પરીઓના દેશ ભાઈ આપણે બે જઈશું
આસમાની નદીમાં લઈ, ચંદાની નાવ
હાથના હલેસાંથી હોડી હંકારશું
પવનને કહીશું, કે મદદમાં આવ.
વાતો કરીશું ને ગીતો ખૂબ ગાઈશું
વાદળીને કહીશ, કે સંગીત સંભળાવ.
તારલાની ટોળીની મહેફિલ જમાવશું
સૂરજને કહીશું કે અવાય તો આવ.
પરીઓના દેશ ભાઈ આપણે બે જઈશું
આસમાની નદીમાં લઈ ચંદાની નાવ

**- રેખા ભટ્ટ**

**પારિજાત**

રેખા ભટ્ટ

ભાઈ નાનકડો બે અક્ષરનો જ શબ્દ છે પણ બોલતાવેંત સમજાય છે કે આ નાતે કોઈ આપણી સાથે ઊભું છે અને હવે દુનિયાની કોઈ તાકાત ડગાવી શકે તેમ નથી. એક દિવાલની જેવું નક્કર અને મજબૂત પીઠબળ છે જે પડવા તો નહીં જ દે ઝૂકવા પણ નહીં દે. ખૂબ તાકાત છે 'ભાઈમાં.'

ભાઈ, હીરો છે જેને કોઈ હરાવી શકે નહીં. ભાઈ, ચૅમ્પિયન છે એને લગભગ દુનિયાની બધી જ ગેમ આવડે છે. ભાઈને કોઈ પણ પ્રશ્ન પૂછો એની પાસે જવાબ હશે જ એવો વિશ્વાસ છે અને એટલે જ કોઈ પણ બાબતે સલાહ માગવી હોય કે જવાબ જોઈતો હોય તો ભાઈ હાજરાહજૂર છે.



ભાઈ, મમ્મી-પપ્પા અને નાનાભાઈ વચ્ચેનો સેતુ છે જયાં મમ્મી-પપ્પાની લાડપ્રેમની અને સુખ-સગવડની હદ પૂરી થાય છે ત્યાંથી ભાઈનું સામ્રાજ્ય શરુ થાય છે. એની સામે વાદ વિવાદમાં ઉતરી શકાય છે. માગણીઓ કરી શકાય છે બાઈક ચલાવવાની પરમીશન અહીંથી મળે છે અને પેટ્રોલના પૈસા પણ.

મમ્મી પાસેથી પાસેથી લાડ કરીને મેળવેલ પૉકેટ મની મહિનાની શરુઆતમાં જ ખલાસ થઈ જાય છે અને હવે ટ્યુશન ફી - કૉલેજ બસની ફી - માટેના પૈસા પપ્પા પાસેથી માંગી લીધા છે. તો પેટ્રોલ, ખાણી-પીણી, ફૅશર્સ પાર્ટી, મોબાઈલ રીચાર્જ, લિવાઈન જીન્સ્... યાદી લંબાતી જાય છે, જાત જાતના કારણોથી મેળવેલા પૈસા ખૂટી જાય છે અને ભાઈ યાદ આવી જાય છે. ભાઈ તરફથી 'તથાસ્તુ' સંભળાય છે અને જીન્સનું પાછળું ખીસ્સું હવે વજનદાર બની જાય છે. બસ, હવે જલસા !! ગદ્ ગદ્ થઈ જવાય છે ભાઈની રહેમદિલીથી.

નાના હતા ત્યારે ભાઈના નામે ભાઈબંધ દોસ્તારોમાં બહુ ધાક જમાવી છે. લખોટી-ભરમડાની મારામારીમાં 'મારો ભાઈ બહુ તાકાતવાળો છે તને તો ઊંધો પાડી દેશે' કહી વ્હેમ માર્યો છે અને ભાઈ યથા સમયે ઉપરાણું લઈને પ્રગટ પણ થયો છે.

સાવ એવું નથી, ભાઈ જોડે મારામારીય ઘણી વખત થઈ છે. દિવાળીના ફટાકડાની વહેંચણી બાબતે, ઉત્તરાયણમાં પતંગ-ફિરકી માટે, ભાઈના ભાઈબંધો સાથે, હોળીમાં રખડપટ્ટીમાં સામેલ થવા, કે વેકેશનમાં

**અનુસંધાન પાના નં. ૭ પર**